www.kamalamgujarat.com

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

Wednesday
11.11.2020

✳Volume :5 ✳ Issue No. 87

Email.: kamalamgujarat@gmail.com

✳Editor :Mahesh N. Patel:- (98249 10606)



# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

GUJGUJ/2016/73451

✳Managing Editor: Arjun Sondarva ✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

**જનતાને ગેરમાર્ગે દોરનારા ટ્વિટ કરનારી કોંગ્રેસની નકારાત્મક ટ્વીટી જમાતને જનતાએ ચૂંટણીમાં જવાબ આપી દીધો છે. –શ્રી સી.આર.પાટીલ**

# રાજયના નાગરીકોના ભાજપા પરના અતૂટ વિશ્વાસ અને ભાજપા સંગઠન અને કાર્યકર્તાઓની બુથ સુધીની અસરકારક ચૂંટણીલક્ષી વ્યવસ્થાના કારણે ભાજપાને આઠેય બેઠકો પર ભવ્ય વિજય હાંસલ કરવામાં સફળતા મળી છે. –શ્રી સી.આર.પાટીલ

**આ ચૂંટણીમાં કોંગ્રેસનો સંપૂર્ણ રકાસ થયો છે, પ્રજાએ કોંગ્રેસને જાકારો આપ્યો છે, જનતાએ કોંગ્રેસને નકારી કાઢી છે, કોંગ્રેસના તમામ ષડયંત્રો નિષ્ફળ નીવડયા છે. –શ્રી વિજયભાઈ રૂપાણી**

**આજનું પરિણામ આગામી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ અને ૨૦૨૦ની વિધાનસભાની ચૂંટણીનું ટ્રેલર છે, આગામી સમયમાં આવનારા ચૂંટણી પરિણામોનું દિશાદર્શન છે. –શ્રી વિજયભાઈ રૂપાણી**



કોરોના મહામારીકાળના સમયમાં પણ જનતાએ ઉત્સાહપૂર્વક ભાજપા તરફી મતદાન કરી આઠેય વિધાનસભા બેઠકો પર ભાજપના ઉમેદવારોને ભવ્ય વિજય અપાવવા બદલ ગુજરાતના મતદાર ભાઈઓ અને બહેનોનો સહૃદય આભાર વ્યક્ત કરતા મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી

**કોરોના મહામારી વચ્ચે પણ ભાજપાના કાર્યકર્તાઓએ પરિશ્રમની પરાકાષ્ઠા સર્જી ભાજપાનો વિજય નિશ્ચિત બનાવ્યો, આજના આ ભવ્ય વિજયનો શ્રેય ભાજપાના પ્રત્યેક કાર્યકર્તાના શિરે જાય છે. –શ્રી વિજયભાઈ રૂપાણી**





રાજયના નાગરિકોએ ભારતીય જનતા પાર્ટી પર મૂકેલા વિશ્વાસને ચરિતાર્થ કરી જનતાની આશા, આકાંશા, અપેક્ષા અને સપનાઓને પરિપૂર્ણ કરવા માટે રાજયની ભાજપ સરકાર કટિબદ્ધ છે. –શ્રી વિજયભાઈ રૂપાણી



કચ્છથી લઈ કપરાડા સુધી ગુજરાતના અલગ અલગ વિસ્તારોમાં આવેલી આઠ વિધાનસભા બેઠકોની પેટા ચૂંટણીમાં તમામ ધર્મ, જ્ઞાતિ, સમાજના નાગરિકોએ ભાજપા પર વિશ્વાસ મૂક્યો છે જેનાથી સ્પષ્ટ છે કે, ભાજપાની વિકાસલક્ષી, રાષ્ટ્રવાદી, પ્રજાભિમુખ વિચારધારાને જનતાનો સંપૂર્ણ ટેકો છે. –શ્રી વિજયભાઈ રૂપાણી

કમલમ દૈનિક,

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ', ગાંધીનગર ખાતે મીડિયાના મિત્રોને સંબોધન કરતાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં યોજાયેલી આઠ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણીમાં કોરોના મહામારીકાળના સમયમાં પણ જનતાએ ઉત્સાહપૂર્વક ભાજપા તરફી મતદાન કરી આઠેય વિધાનસભા બેઠકો પર ભાજપના ઉમેદવારોને ભવ્ય વિજય અપાવ્યો છે, ત્યારે હું ગુજરાતના મતદાર ભાઈઓ અને બહેનોનો સહૃદય આભાર વ્યક્ત કરું છું. કોરોના મહામારી વચ્ચે પણ ભાજપાના કાર્યકર્તાઓએ પરિશ્રમની પરાકાષ્ઠા સર્જી ભાજપાનો વિજય નિશ્ચિત બનાવ્યો, આજના આ ભવ્ય વિજયનો શ્રેય ભાજપાના પ્રત્યેક કાર્યકર્તાના શિરે જાય છે. શ્રી રૂપાણીએ જણાવ્યું હતું કે, ભાજપાનો વિજય એ જનતાનો વિજય છે. આજનું પરિણામ આગામી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ અને ૨૦૨૦ની વિધાનસભાની ચૂંટણીનું ટ્રેલર છે, આગામી સમયમાં આવનારા ચૂંટણી પરિણામોનું દિશાદર્શન છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર અને રાજયની ભાજપા સરકાર સંપૂર્ણ સમર્પણ સાથે જનહિત અને રાષ્ટ્રહિતના કાર્યો કરી રહી છે, જનતાનો ભાજપા ઉપરનો વિશ્વાસ અંકબંધ છે. જનતાએ આ ચૂંટણીમાં અપાવેલા ભવ્ય વિજયથી ભાજપાની વિધાનસભામાં સંખ્યાબળ વધીને ૧૧૧ થયું છે, રાજયના નાગરિકોએ ભારતીય જનતા પાર્ટી પર મૂકેલા વિશ્વાસને ચરિતાર્થ કરી જનતાની આશા, આકાંશા, અપેક્ષા અને સપનાઓને પરિપૂર્ણ કરવા માટે રાજયની ભાજપ સરકાર કટિબદ્ધ છે. શ્રી રૂપાણીએ જણાવ્યું હતું કે, કચ્છથી લઈ કપરાડા સુધી ગુજરાતના અલગ અલગ વિસ્તારોમાં આવેલી આઠ વિધાનસભા બેઠકોની પેટા ચૂંટણીમાં તમામ ધર્મ, જ્ઞાતિ, સમાજના નાગરિકોએ ભાજપા પર વિશ્વાસ મૂક્યો છે જેનાથી સ્પષ્ટ છે કે, ભાજપાની વિકાસલક્ષી, રાષ્ટ્રવાદી, પ્રજાભિમુખ વિચારધારાને જનતાનો સંપૂર્ણ ટેકો છે. આ ચૂંટણીમાં કોંગ્રેસનો સંપૂર્ણ રકાસ થયો છે, પ્રજાએ કોંગ્રેસને જાકારો આપ્યો છે, જનતાએ કોંગ્રેસને નકારી કાઢી છે, કોંગ્રેસના તમામ ષડયંત્રો નિષ્ફળ નીવડ્યા છે. ગુજરાત ભાજપાનો ગઢ હતો, આજે પણ છે આગળ પણ ભાજપાનો જ ગઢ રહેશે, ગુજરાતની જનતાના આશીર્વાદ ભાજપા સાથે છે. શ્રી રૂપાણીએ ઉત્તરાખંડમાં માર્ગ અકસ્માતમાં દિવંગત થયેલ ભાજપા કાર્યકર્તાઓનું સ્મરણ કરી શ્રદ્ધાંજલિ પાઠવી હતી. ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર પાટીલે જણાવ્યું હતું કે, રાજયના નાગરીકોના ભાજપા પરના અતૂટ વિશ્વાસ અને ભાજપા સંગઠન અને કાર્યકર્તાઓની બુથ સુધીની અસરકારક ચૂંટણીલક્ષી વ્યવસ્થાના કારણે ભાજપાને આઠેય બેઠકો પર ભવ્ય વિજય હાંસલ કરવામાં સફળતા મળી છે. જનતાનો ભાજપા પર વિશ્વાસ વ્યક્ત કરવા બદલ આભાર વ્યક્ત કરું છું. કાર્યકર્તાઓએ અથાક પરિશ્રમ કરીને આ સફળતામાં મહત્વપૂર્ણ ભાગ ભજવ્યો છે. જનતાને ગેરમાર્ગે દોરનારા ટ્વિટ કરનારી કોંગ્રેસની નકારાત્મક ટ્વીટી જમાતને જનતાએ ચૂંટણીમાં જવાબ આપી દીધો છે.

શ્રી પાટીલે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં જનહિતમાં કાર્યરત વિવિધ યોજનાઓનો લાભ લાભાર્થીને સરળતાથી મળે તે પ્રકારની વ્યવસ્થા અમલમાં મૂકાઈ છે તેમજ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્યની ભાજપા સરકાર દ્વારા કરાયેલ લોકોપયોગી કાર્યો અને જનકલ્યાણકારી યોજનાઓના કારણે જનતાનો ભાજપા પરનો વિશ્વાસ વધુ સૃદઢ બન્યો છે. જનતાને ચૂંટણીમાં ગેરમાર્ગે દોરી જૂઠો અને ભ્રામક અપપ્રચાર કરનારી કોંગ્રેસને જનતાએ કોરોના સંક્રમણના સમયમાં પણ ઊંચું મતદાન કરીને સાફ કરી દીધી છે. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ અને પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે એકબીજાને મોં મીઠું કરાવી ભાજપાના વિજયને આવકાર્યો હતો. આ તકે પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણીયા,રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાં, શ્રી પ્રદીપસિંહ જાડેજા, શ્રી કુંવરજીભાઈ બાવળીયા,પ્રદેશ મહામંત્રીશ્રીઓ શ્રી કે.સી.પટેલ, શ્રી શબ્દશરણભાઈ બ્રહ્મભટ્ટ, પ્રદેશ ઉપાધ્યક્ષશ્રીઓ આઈ.કે.જાડેજા, શ્રી ભાર્ગવભાઈ ભટ્ટ સહિતના આગેવાનશ્રીઓ અને અગ્રણીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. વિધાનસભા પેટા ચૂંટણીના પરિણામોમાં ભાજપાનો ભવ્ય વિજય થયો છે ત્યારે ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ' ગાંધીનગર ખાતે ભાજપાના કાર્યકર્તાઓએ ભારે હર્ષોલ્લાસ સાથે વિજયોત્સવ મનાવ્યો હતો. ઢોલ, નગારા, ત્રાંસા વગાડી ભાજપાના વિજયને કાર્યકર્તાઓ દ્વારા વધાવી લેવામાં આવ્યો હતો.





કેન્દ્રમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં તેમજ રાજયમાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના વડપણ હેઠળની ભાજપા સરકાર દ્વારા કરાયેલા વિવિધ લોકોપયોગી કાર્યોની સકારાત્મક અસર આજના ચૂંટણી પરિણામોમાં દેખાઈ છે. –શ્રી સી.આર.પાટીલ



ગુજરાત ભાજપાનો ગઢ હતો, આજે પણ છે આગળ પણ ભાજપાનો જ ગઢ રહેશે, ગુજરાતની જનતાના આશીર્વાદ ભાજપા સાથે છે. –શ્રી વિજયભાઈ રૂપાણી



જનતાને ચૂંટણીમાં ગેરમાર્ગે દોરી જૂઠો અને ભ્રામક અપપ્રચાર કરનારી કોંગ્રેસને જનતાએ કોરોના સંક્રમણના સમયમાં પણ ઊંચું મતદાન કરીને સાફ કરી દીધી છે. –શ્રી સી.આર.પાટીલ



## તંત્રી સ્થાનેથી......

ભારતમાં છ દિવસ પછી ૪૦,૦૦૦ કરતા ઓછા દૈનિક નવા કેસ નોંધાયા છે. છેલ્લા ૨૪ કલાકમાં દૈનિક નવા કેસની સંખ્યા ૩૮,૦૭૩ છે. સતત ત્રીજા દિવસે, દરરોજ નવા કેસ ૫૦,૦૦૦થી ઓછા રહ્યા છે.આ પરિણામ મહત્વની ધારણા મુજબ કેટલાક દેશોની સરખામણીની દ્રષ્ટિએ છે જ્યાં છેલ્લા ૩-૪- દિવસથી એક દિવસમાં એક લાખ જેટલા કેસ નોંધાયા છે. છેલ્લા કેટલાક અઠવાડિયાથી સક્રિય કેસની સંખ્યામાં સતત ઘટાડો થયો છે. આજે ૩૮મા દિવસે, સાજા થયેલા કેસની સંખ્યા નવા કેસ કરતા વધુ નોંધાઈ છે ,છેલ્લાં ૨૪ કલાકમાં ૪૨,૦૩૩ દર્દીઓ સાજા થયા છે.સકીર્ય કેસનું ભારણ ઘટીને ૫,૦૫,૨૬૫ થયું છે. ઘટતા વળાંકને પગલે ભારતના કુલ પોઝિટીવ કેસમાં સક્રિય કેસના ભારણનું વર્તમાન યોગદાન ૫.૮૮% છે. સાજા થવાનો દર પણ પરિણામે વધીને ૯૨.૬૪% પર પહોંચી ગયો છે. આજે સાજા થયેલા કુલ કેસની સંખ્યા ૭૯,૫૯,૪૦૬ થઈ ગઈ છે. સાજા થયેલા કેસ અને સક્રિય કેસ વચ્ચેનું અંતર વધીને, ૭૪,૫૪,૧૪૧ થઈ ગયું છે. નવા સાજા થયેલા કેસમાંથી ૭૮% કેસ ૧૦ રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશોમાં કેન્દ્રિત હોવાનું મનાય છે. દિલ્હીમાં નવા સાજા થયેલા ૭,૦૧૪ કેસ સાથે એક દિવસમાં સાજા થયેલા કેસની મહત્તમ સંખ્યા નોંધાઈ છે. કેરળમાં ૫,૯૮૩ લોકો સાજા થયા છે, ત્યારબાદ પશ્ચિમ બંગાળમાં ૪,૩૯૬ લોકો સ્વસ્થ થયા છે. નવા કેસમાંથી ૭૨% કેસ ૧૦ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશના છે. દિલ્હીમાં સૌથી વધુ દૈનિક નવા કેસ નોંધાયા છે; ૫,૯૮૩ છે, જે તેના ૭,૭૪૫ નવા કેસની અગાઉના દિવસની સરખામણીમાં ઓછા છે. દિલ્હી પછી પશ્ચિમ બંગાળમાં અનુક્રમે ૩,૯૦૭ નવા કેસ છે. કેરળના દૈનિક કેસ ઘટીને ૩,૫૯૩ થઈ ગયા છે જ્યારે મહારાષ્ટ્રના નવા કેસ ઘટીને ૩,૨૭૭ નોંધાયા છે, તેમ છતાં તેઓ દૈનિક નવા કેસ નોંધવામાં ત્રીજા અને ચોથા સ્થાને છે. છેલ્લા ૨૪ કલાકમાં ૪૪૮ લોકોના મૃત્યુ થયા છે. બીજા દિવસે પણ નોંધાયેલા ૫૦૦ કરતા ઓછા નોંધાયેલા મૃત્યુનો અહેવાલ દર્શાવે છે કે મૃત્યુઆંકમાં સતત ઘટાડો થયો છે.નવા નોંધાયેલા મૃત્યુમાં લગભગ ૭૮% જેટલા મૃત્યુ દસ રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશોમાં થયા છે. જોકે મહારાષ્ટ્રમાં સૌથી વધુ મૃત્યુ (૮૫) થયા છે, દૈનિક મૃત્યુમાં તેનું યોગદાન ઘટીને ૧૮.૯૭% થઈ ગયું છે. દિલ્હી અને પશ્ચિમ બંગાળમાં અનુક્રમે ૭૧ અને ૫૬ નવા મૃત્યુ થયા છે.

# સ્ટેટ ટેબલ ટેનિસ એસો.ના પ્રમુખપદે વિપુલ મિત્રા ફરીથી સર્વાનુમતે ચુંટાઈ આવ્યા

### વર્ચ્યુઅલ પ્લેટફોર્મ પર યોજાયેલી એજીએમમાં તોરાવાણે અને સંગતાણી ચેરમેન અને સેક્રેટરી તરીકે જારી રહ્યા



કમલમ દૈનિક, ગાંધીધામ,

ગુજરાત સ્ટેટ ટેબલ ટેનિસ એસોસિયેશન (જીએસટીટીએ)એ શ્રી વિપુલ મિત્રા (આઈએએસ)ને આગામી ચાર વર્ષની ટર્મ માટે ફરીથી ચૂંટી કાઢ્યા છે. આ ટર્મ ૨૦૨૦થી ૨૦૨૪ સુધીની રહેશે. આઠમી નવેમ્બર ને રવિવારે જીએસટીટીએની વાર્ષિક સામાન્ય સભા (એજીએમ) વર્ચ્યુઅલ પ્લેટ ફોર્મ પર યોજાઈ હતી. આ ઉપરાંત એજીએમમાં સદસ્યોએ શ્રી મિલિન્દ તોરાવાણેને ચેરમેન અને શ્રી હરેશ સંગતાણીને સેક્રેટરી તરીકે સર્વાનુમતે ચૂંટવામાં આવ્યા હતા. કોરોના વાયરસની પરિસ્થિતિને કારણે આ એજીએમ વર્ચ્યુઅલ રહી હતી જેમાં જીએસટીટીએ અને ડિસ્ટ્રિક્ટ એસોસિયેશન મળીને ૩૦ અધિકારીઓ બેઠકમાં હાજર રહ્યા હતા. આ ઉપરાંત ટેબલ ટેનિસ ફેડરેશનઓફઈન્ડિયા(ટીટીએફઆઈ)ના અધિકારીઓ શ્રી એમપી સિંઘ (સેક્રેટરી જનરલ), શ્રી અરુણ બેનરજી (ટ્રેઝરર) અને શ્રી ધનરાજ ચૌધરી (સલાહકાર) પણ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં વિશેષ આમંત્રિત તરીકે ઈન્ડિયન ઓલિમ્પિક એસોસિયેશનના વાઈસ પ્રેસિડેન્ટ શ્રી વીરેન્દ્ર નાણાવટી પણ હાજર રહ્યા હતા. આ બેઠકના પ્રારંભે જીએસટીટીએના જોઈન્ટ સેક્રેટરી દિલીપભાઈ શાહ અને ટીટીએફઆઈના વાઈસ પ્રેસિડેન્ટ એસ. એમ. સુલતાનના નિધન બદલ બે મિનિટનું મોન પાળવામાં આવ્યું હતું. બંનેએ કોરોનાને કારણે જીવ ગુમાવ્યો હતો. આ ઉપરાંત સ્ટેટ એસોસિયેશનના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ તરીકે શ્રી પ્રમોદ ચૌધરી (સુરત) અને શ્રી નિશિથ મહેતા (ભાવનગર)ની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. શ્રી પ્રદીપ ચુડાસમા (અમદાવાદ), શ્રી કાંતિ ભુવા (આણંદ) અને શ્રીમતી જયાબહેન ઠક્કર (વડોદરા)ની નવા વાઈસ પ્રેસિડેન્ટ તરીકે વરણી કરવામાં આવી હતી. એસોસિયેશનના ટ્રેઝરર તરીકે શ્રી અમિત ચોક્સી (સુરત) અને આસિ. ટ્રેઝરર તરીકે શ્રી રુજુલ પટેલ (અરવલ્લી) તેમના હોદ્દા પર જારી રહેશે. આ વખતે ચારમાંથી ત્રણ જોઈન્ટ સેક્રેટરી નવા ચહેરા છે. જેમાં રિશી શર્મા (આણંદ), હિરેન મહેતા (રાજકોટ) અને કુશલ સંગતાણી(અમદાવાદ)નો સમાવેશ થાય છે. કલ્પેશ ઠક્કર અગાઉથી જ જોઈન્ટ સેક્રેટરી છે અને તેમણે તેમનો હોદ્દો જાળવી રાખ્યો છે. આ પ્રસંગે શ્રી વિપુલ મિત્રા (આઈએએસ)એ જીએસટીટીએના અધિકારીઓની વિશેષ પ્રશંસા કરી હતી અને ખાસ કરીને ૨૦૧૯માં ભાવનગર ખાતે નેશનલ રેંકિંગ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટના આયોજનમાં અધિકારીઓની આકરી મહેનતને બિરદાવી હતી. તેમણે કોરોનાની અભૂતપૂર્વ પરિસ્થિતિ અંગે પણ ચર્ચા કરી હતી જે મહામારીને કારણે ઘણી બધી યોજનાઓ અને આયોજનના સ્વપ્ર સાકાર થઈ શક્યા નથી. જોકે તેઓ આશાવાદી રહ્યા હતા અને જણાવ્યું હતું કે સમગ્ર દેશમાં જીએસટીટીએ શ્રેષ્ઠ એસોસિયેશન છે. કોરોનાની મહામારીમાં પણ ટેકનોલોજીની મદદથીઅમે કોચ અને ખેલાડીઓને સક્રિય રાખવામાં સફળ રહ્યા હતા. ગુજરાતસુપરલીગઅંગેજીએસટીટીએના પ્રમુખે જણાવ્યું હતું કે આગામી વર્ષના અમારા એજન્ડામાં તે મોખરે છે. પરિસ્થિતિ સામાન્ય બનશે તે સાથે જ તેનું આયોજન કરાશે. એક વાર પરિસ્થિતિ સામાન્ય બને તે સાથે જ ગુજરાત સુપર લીગ યોજાશે. સમય મહત્વપૂર્ણ છે. અમારે આ લીગ યોજવાની જરૂર છે કેમ કે તેનાથી ખેલાડીઓને મદદ મળશે. આ ઉપરાંત જિલ્લા એસો.એ સક્રિય બનવાની અને ખેલાડીઓને ફરીથી ટેબલ સુધી લાવવા માટે સ્થાનિક લેવલે ટુર્નામેન્ટ યોજવાની જરૂર છે. ટીટીએફઆઈના સેક્રેટરી જનરલ શ્રીએમપી સિંઘ સ્ટેટ એસોસિયેશને આ રીતે હોદ્દેદારોને ચૂંટવામાં એકતા દાખવી તેનાથી પ્રભાવિત થયા હતા. તેમણે જણાવ્યું હતું કે મિત્રાજીના નેતૃત્વમાં એસોસિયેશન શાનદાર કામગીરી બજાવી રહ્યું છે. રાજ્યના ખેલાડીઓ ઈન્ટરનેશનલ લેવલ પર ઝળકી રહ્યા છે અને હોદ્દેદારો સર્વાનુમતે ચૂંટાઈ રહ્યા છે. આઈઓએના વાઈસ પ્રેસિડેન્ટ શ્રી વીરેન્દ્રનાણાવટીએપણજીએસટીટીએના પ્રયાસને બિરદાવ્યો હતો. તેમણે હરમિત દેસાઈ, માનવ ઠક્કર અને માનુષ શાહના ઉદાહરણ આપ્યા હતા. તેમણે જીએસટીટીએને ગુજરાત ઓલિમ્પિક એસોસિયેશનની સદસ્યતા મળે તે માટે મદદ કરવાની ખાતરી આપી હતી. ટીટીએફઆઈના સલાહકાર શ્રી ધનરાજ ચૌધરીએ જીએસટીટીએના ફેડરેશનનું મહત્વનું અંગ ગણાવ્યું હતું. તાજેતરના વર્ષોમાં જીએસટીટીએએ કોમનવેલ્થ ટીટી ચેમ્પિયનશિપ અને એશિયન ટીટી ચેમ્પિયનશિપનું સફળ આયોજન કર્યું હતું જે શ્રેષ્ઠ નેતાગીરી સૂચવે છે. યોગ્ય પ્લાનિંગ અને તેના અમલીકરણને કારણે જ ગુજરાતે ટોચના ખેલાડીઓ આપ્યા છે જેમાં હરમિત, માનવ અને માનુષનો સમાવેશ થાય છે. આ ખેલાડીઓ ટીટીએફઆઈના ૨૦૨૪-૨૦૨૮ ઓલિમ્પિક મેડલ પ્રોગ્રામના મહત્વપૂર્ણ ભાગ બની રહેવાના છે. મણિકા બત્રાએ ખેલ રત્ન એવોર્ડ જીત્યો તેનાથી આ રમતના ખેલાડીઓના ઉત્સાહમાં વધારો થયો છે તેમ ચૌધરીએ જણાવ્યું હતું. અંતે શ્રી મિત્રાએ જણાવ્યું હતું કે જિલ્લા એસોસિયેશન અને સ્પોર્ટ્સ સેક્રેટરી સાથે મસલત કર્યા બાદ સ્ટેટ લેવલના કેમ્પ અને ટુર્નામેન્ટ ફરીથી શરૂ કરવા અંગેના નિર્ણય લેવાશે.

# અરવલ્લી જિલ્લા સંગઠન ભાજપના પ્રમુખ તરીકે રાજેન્દ્રભાઈ જેઠાલાલ પટેલની નિમણૂક



કમલમ દૈનિક, અરવલ્લી

ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રમુખ સી.આર પાટીલે સોમવારના દિવસે દિવાળી ની ભેટ આપી ગુજરાત ના તમામ જિલ્લા અને મહાશહેરોના ભાજપા સંગઠનના નવનિયુક્ત પ્રમુખોના નામની વિધિવત જાહેરાત કરવામાં આવી હતી,જેમાં અરવલ્લી જિલ્લા સંગઠન ભાજપના પ્રમુખ તરીકે રાજેન્દ્રભાઈ જેઠાલાલ પટેલની નિમણૂક કરવામાં આવી જેઓ અરવલ્લી જિલ્લા પંચાયતના વિરોધપક્ષના નેતા છે છેલ્લા , કેટલાય સમયથી સંગઠન માં ફેરફારની અટકળો એ જોર પકડ્યું હતું પરંતુ ઘણા અવરોધોને તેમજ કોરોના મહામારી ના કારને સંગઠન માં ફેરફાર થઈ શક્યા ન હતા,

પરંતુ દિવાળી ના તહેવારોને ટાણે જાણે નવા સંગઠનના પ્રમુખની ભેટ આપી દઈ જિલ્લામાં ખુશીનો માહોલ સર્જાયો હતો,અરવલ્લી ભાજપના કાર્યકરોએ નવા પ્રમુખ રાજેન્દ્ર ભાઈ પટેલને વધવી લીધા હતા.અને હર્ષોલ્લાસ સાથે અવકારવામાં આવ્યા હતા.

# 'મતદાર યાદી સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ' અંતર્ગત પત્રકાર પરિષદ યોજાઈ

### સુરત જિલ્લામાં કુલ ૪૪,૦૫,૫૫૯ મતદારો નોધાયેલા છે:



કમલમ દૈનિક, સુરત

ભારતના ચૂંટણીપંચ દ્વારા ખાસ મતદારયાદી સંક્ષિપ્ત સુધારણા માટેનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. જેની માહિતી આપવા ઈ.જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટરશ્રી હિતેશ કોયાના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરી ખાતે પત્રકાર પરિષદ યોજાઈ હતી. જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ જણાવ્યું હતુ કે, ભારતીય ચૂંટણીપંચ દ્વારા તા.૧/૧/૨૦૨૧ની લાયકાતની તારીખના રોજ ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમર પૂર્ણ કરતા હોય તેવા નાગરિકો મતદાર યાદી નામ નોંધાવી શકશે. તા.૯/૧૧/૨૦૨૦ થી તા.૧૫/૧૨/૨૦ દરમિયાન મતદારો પોતાના મતદારયાદીમાં નામ નોંધણી, નામ રદ કરવા, કોઈ નામની સામે વાંધો લેવા, નામ કે અન્ય વિગતો સુધારવા માટે સંબધિત નિયત નમુનાના ફોર્મ ભરી જરૂરી આધાર પુરાવાઓ સાથે તેમના રહેઠાણ વિસ્તારના મતદાર નોંધણી અધિકારી અથવા મદદનીશ મતદાર નોંધણી અધિકારી અથવા બુથ ઓફિસરોને હક્ક દાવાઓ રજુ કરી શકશે. તા.૧૫/૦૧/૨૦૨૧ના રોજ મતદાર યાદીની આખરી પ્રસિધ્ધિ કરવામાં આવશે તેમ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ જણાવ્યું હતું.ખાસ ઝુંબેશના દિવસો તા.૨૨/૧૧/૨૦૨૦, તા.૨૯/૧૧/૨૦, તા.૬/૧૨/૨૦૨૦તથા તા.૧૩/૧૨/૨૦૨૦ રવિવારના ખાસ ઝુંબેશના દિવસોમાં સવારે ૧૦.૦૦ થી સાંજના ૫.૦૦ વાગ્યા દરમિયાન નજીકના મતદાન મથકે બી.એલ.ઓ. હાજર રહીને ફોર્મ સ્વીકારશે. આ માટે મતદારોએ મતદારયાદીમાં નામ નોધવા, કમી કરવાના નિયત નમૂનાના ફોર્મ ભરી શકશે. સુરત જિલ્લાના ૧૬-વિધાનસભા મતદાર વિભાગોમાં ૪૫૩૪ પોર્લીંગ સ્ટેશનો છે. ૪૨૦ બી.એલ.ઓ.કાર્યરત છે. મતદારોમાં નામ દાખલ, કમી કે વિગતોમાં સુધારા માટેના ઓનલાઈન માધ્યમોમાં દ્વારા પણ કરી શકાશે. મતદારો www.nvsp.in માં મતદારયાદીમાં નામ છે કે નહી તેની ચકાસણી કરવા અને નામ દાખલ, કમી અને સુધારાની નવી અરજીઓ કરવામાં આવશે. ફીરીઈફ્ફેહી મોબાઈલ એપ્લીકેશન પરથી મતદારયાદીમાં નામ છે કે, નહિ તેની ચકાસણી કરવા અને નામ દાખલ, કમી અને સુધારાની નવી અરજીઓ કરી શકાશે. હેલ્પલાઈન નંબર ૧૯૫૦ પરથી મતદારયાદી માટેની માહિતી મેળવી શકાશે. ઓનલાઈન:- ceo website:http// www.ceo.gujarat.gov.in પર અરજી કરી શકાશે.સુરત જિલ્લામાં હાલ ૨૩,૮૦૧,૫૭ પુરૂષ મતદારો અને ૨૦,૨૫,૨૯૯ મહિલા મતદારો તથા ૧૦૩ અન્ય મળી કુલ ૪૪,૦૫,૫૫૯ મતદારો નોધાયેલા છે.સુરત જિલ્લાના ૧૬ વિધાનસભાના મતદાર વિભાગ જોઈએ તો ઓલપાડ- ૧૫૫માં ૪૧,૪૯૨૫ મતદારો, માંગરોળ-૧૫૬માં ૨૦૮૪૬૦, માંડવી-૧૫૭-૨૩૫૩૨૪, કામરેજ-૧૫૮માં ૪૯,૮૮૪૪, સુરત ઈસ્ટ-૧૫૯માં ૨૦૯૫૬૩, સુરત નોર્થ-૧૬૦માં ૧૬૨૫૮૨, વરાછા રોડ-૧૬૧માં ૨૦૭૯૫૫, કરંજ-૧૬૨માં ૧૭૦૩૬૭, લિંબાયત-૧૬૩માં ૨,૭૬,૪૬૧ મતદારો, ઉધના-૧૬૪માં ૨,૫૩,૫૪૩ મતદારો, મજુરા-૧૬૫માં ૨,૬૩,૮૫૨, કતારગામ-૧૬૬માં ૩૦૪૪૫૪, સુરત વેસ્ટ-૧૬૭માં ૨૪૩૦૩૪, ચોર્યાસી- ૧૬૮માં ૪,૯૩,૩૭૧, બારડોલી-૧૬૯માં ૨૪૨૦૦૧, મહુવા-૧૭૦ વિધાનસભામાં ૨૨૦૮૨૩ મતદારો મળી કુલ ૪૪,૦૫,૫૫૯ મતદારો નોંધાયેલા છે. પત્રકાર પરિષદમાં અધિક જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી કૈલેયા, રાજકીયપક્ષોના અગ્રણીઓ, પ્રિન્ટ તથા ઈલેક્ટ્રોનિક મીડિયાના પત્રકારશ્રીઓ ઉપસ્થિત રહયા હતા.

## લોકડાઉનને કારણે નુકસાન અને રિફંડ ચૂકવણી

કમલમ દૈનિક,

કોરોના વાયરસને કારણે પશ્ચિમ રેલ્વે પર યાત્રીઓ આવકનું લગભગ કુલ ૩૨૧૨ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે, જેમાં ઉપનગરીય ખંડ માટે રૂ. ૫૦૧ કરોડ અને ગૈર - ઉપનગરીય ખંડ માટે ૨૭૧૧ કરોડના નુકશાનનું સમાવેશ થાય છે. તેમ છતાં, પશ્ચિમ રેલ્વેએ ૧ માર્ચ, ૨૦૨૦ થી ૮ નવેમ્બર, ૨૦૨૦ સુધી ટિકિટ રદ કરવાના પરિણામ સ્વરૂપ ૪૭૯ કરોડ રૂપિયા પાછા આપવાની ખાતરી આપી છે. નોંધનીય છે કે આ રિફંડ રકમમાં એકલા મુંબઈ ડિવિઝને ૨૩૪ કરોડ રૂપિયાથી વધુનું રિફંડ સુનિશ્ચિત કર્યું છે. અત્યાર સુધીમાં, પશ્ચિમ રેલ્વેએ ૭૪.૪૩ લાખ યાત્રીઓની ટિકિટ રદ કરી છે અને તે મુજબ તેમની રિફંડની રકમ પ્રાપ્ત કરવામાં છે.

# લોકલ ફોર વોકલ ના ભાગરૂપે સ્થાનિક ઉત્પાદન નો પ્રચાર કરવા સાથે ખરીદી કરવા સાંસદશ્રી પૂનમબેન માડમની અપીલ

### સંસ્કૃતિ અને પરંપરાના જતનના પ્રધાનમંત્રીશ્રીના આહવાન ના પગલે રાષ્ટ્રીય કામધેનુ આયોગની પ્રવૃતિઓને બિરદાવતા સંસદસભ્ય શ્રી પૂનમબેન માડમ







કમલમ દૈનિક, જામનગર

આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી એ મેઈક ઈન ઈન્ડીયા ને પ્રાધાન્ય આપવા લોકલ ફોર વોકલ નુ આહવાન કર્યુ છે જેના આદર સ્વરૂપે ૧૨- જામનગર લોકસભાના સંસદસભ્ય શ્રી પૂનમબેન માડમએ એક અખબારી યાદી દ્વારા તેમજ તેઓના જુદા જુદા પ્રવાસ તેમજ મુલાકાતો દરમ્યાન તેમજ કાર્યક્રમો વખતે સ્થાનિક ઉત્પાદન ને અપનાવવા અનુરોધ કર્યો છે કે દિવાળી તહેવારની નાનામા નાની હેન્ડીક્રાફટ ની સુશોભન ની કે ઘર ઓફીસ ની ચીજવસ્તુઓ આપણા સ્થાનિક કલા કસબી અને શ્રમિકો તેમજ કારીગરો-કલાકૃતિ બનાવનારો તેમજ માટી-કપડા-શણ-ડાળી-પાંદડા વગેરેમાંથી સુંદર સર્જન કરવા જહેમત ઉઠાવનાર બહેનો- ભાઈઓ-બાળકો- વડીલોએ જે વિવિધ ચીજ વસ્તુઓ બનાવી છે તેનો પ્રચાર થાય તેની ખરીદી થાય તે આવકાર્ય છે તેવો નમ્ર અનુરોધ કર્યો છે આ તકે તેઓએ અમુક સ્થળોએ બનેલી વેસ્ટ માંથી બેસ્ટ ચીજ વસ્તુઓ માટેની જહેમત પણ ખૂબજ સરાહનીય ગણાવી છે .

તેમજ પ્રધાનમંત્રીશ્રી ના સંસ્કૃતિ જતન અને પરંપરા જતન ના આહવાન ને સન્માન આપી સાંસદ શ્રી પૂનમબેન માડમએ રાષ્ટ્રીય કામધેનુ આયોગની વિવિધ પ્રવૃતિઓ તેમજ ઉત્પાદનો વિશે જાણકારી મેળવીને આયોગની અથાગ જહેમત ખૂબજ બિરદાવવા લાયક ગણાવી છે.

સનાતન સંસ્કૃતિમાં ગાયમાતાને "કામધેનુ" તરીકે વિશિષ્ટતા આપી છે તેને સાકાર કરવાના ભારત સરકારના રાષ્ટ્રીય કામધેનુ આયોગ દ્વારા પરંપરાનુ જતન કરવાના ભગીરથ પ્રયાસ સ્વરૂપે ગાયના ગોબરમાંથી બનેલા ૩૩ કરોડ દિવા, " કામધેનુ દિપાવલી અભિયાન" ના ભાગરૂપે આ તહેવારોમાં પ્રગટે તેવી સરાહનીય જહેમત ઉઠાવાઈ છે જે અંગેની માહિતીઓ રૂબરૂ મુલાકાત મા મેળવી ને સંસદસભ્ય શ્રી પૂનમબેન માડમ એ આ અથાગ જહેમત બદલ આયોગના અધ્યક્ષ શ્રી ડો. વલ્લભભાઈ કથીરીયા જી ને સન્માન પુર્વક બિરદાવ્યા હતા તેમજ આ દીવડા પ્રગટાવવા સૌને અનુરોધ કર્યો હતો તેમજ ગાય માતાના મહત્વને આપણે સૌ સાથે મળી વધુ ને વધુ ઉજાગર કરતા જ રહીએ તેવુ આહવાન કર્યુ છે. આ ઉપરાંત આ તકે વિશેષ મા સાંસદશ્રી પૂનમબેન માડમ એ જણાવ્યુ છે કે સ્થાનિક નાના કારીગરો દ્વારા નાના પાયે થયેલી રચનાત્મક જહેમતને પ્રોત્સાહન અપાય તો તે તમામ પરિવારોની દિવાળી ખરેખર રોશનીમય બની શકે છે માટે તેઓના જીવનમા ખુશી અજવાળુ લાવવા લોકલ ફોર વોકલ નો ફરીથી સાંસદ શ્રી પૂનમબેન માડમએ અનુરોધ કર્યો છે જેમાં ગાયના ગોબરમાંથી બનેલા દીવડા પ્રગટાવવાથી સંતોષ સાથે વોકલ ફોર લોકલ ને પ્રધાન્ય આપવા પર વધુ ભાર મુક્યો છે કેમકે તેનાથી સ્થાનિક વેચાણ વધતા સૌ કસબીઓનો ઉત્સાહ વધશે રાષ્ટ્રના અર્થતંત્રને ગતિશીલ બનાવી રાષ્ટ્રની સેવા કરી ગણાશે તેમજ પરંપરાના જતન નો સંસ્કૃતિના આદરનો પણ અનુભવ થશે.



કમલમ દૈનિક,

પ્રદેશ ભાજપના અધ્યક્ષશ્રી સી.આર.પાટિલ ની ટીમની આજે વરણી થતાં કચ્છ જિલ્લા ભાજપનના પ્રમુખશ્રી તરીકે ફરી કેશુભાઈ પટેલની વરણી થતાં કચ્છના સાંસદ્શ્રી વિનોદભાઈ ચાવડાએ તેમને અભિનંદન પાઠવતા જણાવ્યુ હતું કે શ્રી કેશુભાઈ પટેલની સન્માનનીય ગૌરવ પ્રદ પર ફરી વરણી થઈ છે. તે ખૂબ આનંદ ની વાત છે, નિખાલશ સ્વભાવ, નીડરતા સૌને સાથે લઈ ચાલનાર અને કચ્છ ભાજપને દરેક ક્ષેત્રે તેમણે મજબૂતી આપી છે, તેઓ અજાત સત્રૂ તરીકે જાણીતા વ્યક્તિત્વના ધણી છે, તેમના નેતૃત્વ માં કચ્છ ભાજપા આગળને આગળ ધપતું રહેશે માત્ર ગુજરાત ને નહી દેશને સંગઠન ક્ષેત્રે રોલ મોડેલ બનાવીશું તેઓ અમારા માર્ગ દર્શક અને વડીલ છે, અમારો સહકાર અને સંગાથ તેમની સાથે છે તેમશ્રી ચાવડાએ જણાવ્યુ હતું.

# મોરબી જિલ્લા ભાજપ પ્રમુખ તરીકે શ્રી દુર્લભજીભાઈ દેથરીયા ની વરણી



કમલમ દૈનિક,અહેવાલ :અંકિત રાવલ હળવદ

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ દ્વારા મોરબી જિલ્લા ભાજપ પ્રમુખ તરીકે શ્રી દુર્લભજીભાઈ દેથરીયા ની વરણી કરાતા શહેર ભાજપ હળવદ દ્વારા મોં મીઠું કરી અભિનંદન પાઠવવામાં આવ્યા આ તકે હળવદ શહેર ભાજપ પ્રમુખ અજયભાઈ રાવલ , શહેર ભાજપ મહામંત્રી રમેશભાઈ ભગત હળવદ નગરપાલિકા પૂર્વ પ્રમુખ રણછોડભાઈ દલવાડી ,અનિલભાઈ મિસ્ત્રી, કમલેશભાઈ દલવાડી, ઘનશ્યામભાઈ રાવલ તેમજ પાર્ટી સંગઠનના કાર્યકર્તાઓ હાજર રહ્યા

# અબડાસા વિધાનસભા પેટા ચૂંટણીમાં ભાજપની ઐતિહાસિક જીત

## અગ્રણીઓનું દિશા સુચક માર્ગદર્શન અને કાર્યકર્તાઓની અથાક મહેનત થકી અબડાસાનો ઈતિહાસ બદલાયો



કમલમ દૈનિક,

જાહેર થયેલા અબડાસા વિધાનસભા પેટા ચુંટણી અનુસાર આ બેઠક પર ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા તેમના પ્રતિસ્પર્ધી કોંગ્રેસના ડો. શાંતિલાલ સેંઘાણીને ૩૭ હજારથી વધુ મતોથી હરાવીને વિશાળ તફાવતથી ચુંટણી જીત્યા છે. પ્રદ્યુમનસિંહની આજની આ ઐતિહાસીક જીત વખતે અનેક વિક્મો સર્જાયા છે. વિધાનસભામાં પ્રથમ ક્રમાંકની બેઠક ગણાતી અબડાસા બેઠકના મતદારોનો મિજાજ હંમેશા નોખો રહયો છે. આઝાદીકાળથી આજ દિન સુધી કોઈ પણ ધારાસભ્યને બીજી વાર ન ચુંટવાની અબડાસાના મતદારોની એક અકળ પરંપરા રહી છે. પરંતુ પ્રદ્યુમનસિંહે સતત બીજી વખત આ બેઠક કબ્જે કરીને અબડાસા વિધાનસભાનો ૭૦ વર્ષનો ઈતિહાસ તોડયો છે. બીજું કે આટલી વિશાળ સરસાઈના તફાવતથી અબડાસા વિધાનસભા પર કોઈ ઉમેદવાર જીત્યા હોય એવો આ સૌ પ્રથમ પ્રસંગ છે. આજ રોજ સવારે પ્રારંભ થયેલી લખપત તાલુકાની મતગણતરીથી જ લગભગ દરેક બુથ પર પ્રદ્યુમનસિંહે નોંધપાત્ર સરસાઈ મેળવીને એક એક ઐતિહાસીક પ્રચંડ વિજયના અણસાર આપી દીધા હતા. બલ્કે જવલ્લે જ જોવા મળે એ રીતે લખપત તાલુકામાં પણ ભારતીય જનતા પાર્ટીને આ વખતે નોંધપાત્ર સરસાઈ પ્રાપ્ત થઈ હતી. આ ભવ્ય વિજય બાદ કચ્છ જિલ્લા ભાજપ અધ્યક્ષ કેશુભાઈ પટેલે જણાવ્યું હતું કે, આ વિજય એ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પ્રસ્થાપિત કરેલી વિકાસની રાજનીતીનો વિજય છે. આ વિજય હજારો કાર્યકર્તાઓની સંગઠન શકિત અને સંઘ ભાવનાનો વિજય છે. આ વિજય વાસ્તવમાં અબડાસાના શાણા અને સમજુ મતદારોનો છે કે જેમણે ભારતીય જનતા પાર્ટીના સુશાસનના મંત્રને અપનાવ્યો તેમજ પ્રદ્યુમનસિંહ જાડેજા જેવા સાચા અને સમર્થ લોકસેવકની નિષ્ઠા અને જાણી સમજીને ફરી એક વખત અબડાસાની સેવા કરવાની તક પુરી પાડી. શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ પણ તેમના શુભેચ્છા સંદેશ દ્વારા જણાવ્યું હતું કે, અબડાસાવાસીઓએ ફરી વખત સાચા હિરાની ઓળખ કરી છે જે બદલ તેમની સમજણને સલામ છે. પ્રદ્યુમનસિંહ જેવો ઓલીયો અબડાસાની ઉન્નતી અને ઉત્થાનનો ભેખ પહેરીને જનમત માંગવા અબડાસાની જનતા વચ્ચે નીકળી પડયો હોય ત્યારે તેમની નિયત અને નિતીમતાનું યથાર્થ મુલ્યાંકન કરીને પ્રત્યેક બુથ પર ખોબે ખોબા ભરીને મતો આપીને નો રીપીટની પરંપરાગત પ્રથાને જાકારો આપીને પ્રદ્યુમનસિંહને ફરી એક વખત અબડાસાના પ્રગતિપથનું સંચાલન સોંપવા પ્રજાએ ઐતિહાસીક જીત અપાવી છે.

વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, આ વિજયનો એટલો જ શ્રેય કચ્છ જિલ્લા ભાજપ સંગઠન તેમજ અનેક નામી - અનામી કાર્યકરોને પણ જાય છે. રાજયમંત્રી વાસણભાઈ આહિરે પણ પ્રદ્યુમનસિંહને અભિનંદન આપતા જણાવ્યું હતું કે, આજે અબડાસાની ધરતી પર ઈતિહાસ રચાયો છે. આ ઈતિહાસના શીલ્પી બનેલા અસંખ્ય કાર્યકર્તાઓ ખરેખર અભિનંદનને પાત્ર છે. અલ્પ અભ્યાસ હોવા છતાં પણ અબડાસાના વિકાસ અને ગૌરવ માટેની પ્રદ્યુમનસિંહના હૈયામાં સદાય ધબકતી એક જીવતં ચેતના તેમની જીત માટે કારણભૂત છે. વિજયભાઈ રૂપાણીની સરકારે પણ મોદીજીની પરંપરા આગળ વધારીને કચ્છ માટે હંમેશા વિશેષ અનુરાગ દર્શાવ્યો છે જે અંતર્ગત પાછલા અઢી વર્ષમાં તેમના શાસનકાળમાં પ્રદ્યુમનસિંહની માંગણી અનુસાર અગણીત વિકાસ કાર્યો હાથ ધરાયા છે જે પણ આજની આ વિરાટ જીત પછવાડે કારણભૂત છે. સાંસદ વિનોદભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે, તાજેતરમાં જ કચ્છ પધારેલા પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલે તેમના સૂક્ષ્મ અવલોકન અને દીર્ઘ રાજકીય કારકીર્દીના અનુભવના નીચોડ સ્વરૂપે જણાવ્યું હતું કે, અબડાસાની બેઠક ભાજપ ૪૦ હજાર મતોની સરસાઈથી જીતશે. તેમની આ વાત આજે સત્ય સાબિત થઈ છે. પાટીલ સાહેબ દ્વારા નવસારીમાં લોકસભા ચૂંટણી વખતે જે પેજ કમીટીના સભ્યો બનાવવાની રણનીતી અપનાવવામાં આવી હતી એ જ પધ્ધતિથી કચ્છ જિલ્લા ભાજપ દ્વારા સમગ્ર અબડાસા મત વિસ્તારમાં ૩૫ હજાર જેટલા પેજ કમીટીના સભ્યોની નિયુકિત કરી તેમને કાર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. આ સમગ્ર પ્રક્રિયા થકી આજની ભવ્ય જીતના પાયાનું મંડાણ થયું હતું. આગળ જતા હવેથી આ અબડાસા મોડલને દેશમાં વિવિધ સ્થળોએ યોજાનાર ચુંટણીમાં અપનાવવામાં આવશે એવું ચોકકસપણે કહી શકાય. આ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન અગ્રેસર રહીને પક્ષે સોંપેલી વિશિષ્ટ જવાબદારીઓનું સુપેરે વહન કરીને અબડાસાની યાદગાર જીત પાછળ જેમનો સિંહફાળો ગણી શકાય એવા પ્રભારી મંત્રી શ્રી દિલીપભાઈ ઠાકોર, ઝોન મહામંત્રી કે.સી. પટેલ, પ્રદેશ ભાજપ મંત્રી પ્રદિપસિંહ વાઘેલાએ પણ તેમના સંદેશમાં જણાવ્યું હતું કે, આ જીત એ માત્ર ભાજપની કે પ્રદ્યુમનસિંહની નહીં પરંતુ અબડાસાની જનતાએ મુકેલા વિશ્વાસની જીત છે અને આ માધ્યમથી અમે સૌ ખાતરી આપીએ છીએ કે અબડાસાવાસીઓનો દાપી નિરર્થ નીવડે. ભવ્ય વિજયના પછવાડે। કચ્છ ભાજપ પરિવારની સામુહિક !- શકિત જવાબદાર છે.. વિવિધ જિલ્લા પંચાયત બેઠકો પર નિમાયેલા ઈન્ચાર્જશ્રીઓ, બન્નેય તાલુકાના મુખ્ય ઈન્ચાર્જ શ્રીઓ, તાલુકા પંચાયત બેઠકોના ઈન્ચાર્જ શ્રીઓ તેમજ શકિત કેન્દ્રોના પ્રમુખોની દિવસોની અવિરત, અથાક મહેનત થકી જ આવું ઝમકદાર પરિણામ પ્રાપ્ત થઈ શકયું છે. જિલ્લા પંચાયત પ્રમુખ લક્ષ્મણસિંહ સોઢા, ધારાસભ્યો ડો.નિમાબેન આચાર્ય, વિરેન્દ્રસિંહ જાડેજા, માલતીબેન મહેશ્વરી, કચ્છ જિલ્લા ભાજપ મહામંત્રીશ્રીઓ અનિરૂધ્ધભાઈ દવે, વલ્લભજીભાઈ હુંબલ, શૈલેન્દ્રસિંહ જાડેજા, વિધાનસભા ઈન્ચાર્જ જયસુખભાઈ પટેલ, પ્રવિસિંહ વાઢેર સહિતના પક્ષના વિવિધ હોદેદારો, ચુંટાયેલા જન પ્રતિનિધીઓ, બનાસકાંઠા, પાટણથી આ પેટા ચુંટણી અન્વયે વિશેષ પ્રચારાર્થે આવેલા કાર્યકર્તાઓ સહિત અનેક સ્થાનિક કાર્યકરો દ્વારા પ્રદ્યુમનસિંહ જાડેજાને શુભેચ્છાઓ પાઠવી અભિનંદનની વર્ષા કરાઈ રહી હોવાનું કચ્છ જિલ્લા ભાજપ મીડીયા ઈન્ચાર્જ ઘનશ્યામ રસિકલાલ ઠકકરની યાદીમાં જણાવાયું હતું.



## સતત બીજી ટર્મ માટે અધ્યક્ષ પદે વરાયેલા કેશુભાઈ પટેલનો અભિવાદન સમારોહ યોજાયો

કમલમ દૈનિક,

કચ્છ જિલ્લા ભાજપ માટે બેવડી ખુશીઓ આપનારો બની રહયો હતો. એક તરફ સવારે મત ગણતરી કેન્દ્ર પર પ્રથમ રાઉન્ડથી જ અબડાસા બેઠક પર ભાજપના ઉમેદવાર પ્રધ્યમનસિંહ જાડેજા એકધારી સરસાઈથી એક ઐતિહાસીક જીત તરફ આગળ વધતા જણાતા હતા જયારે બીજી તરફ જેમની સાદગી, સૌમ્યતા અને સંગઠન પ્રત્યેની પૂર્ણ નિષ્ઠા અને સમર્પણ ભાવનાના ફળ સ્વરૂપે રાષ્ટ્રના સૌથી વિશાળ જિલ્લા કચ્છના ભારતીય જનતા પાર્ટીના ગૌરવવંતા અધ્યક્ષપદે સતત બીજી વખત વરાયેલા કેશુભાઈ પટેલનો અભિવાદન સમારોહ યોજાઈ રહયો હતો. આજરોજ કચ્છ જિલ્લા ભાજપ મધ્યસ્થ કાર્યાલય ભુજ ખાતે યોજાયેલ આ અભિવાદનસમારોહમાંરાજયમંત્રી વાસણભાઈ આહિર, સાંસદ વિનોદભાઈ ચાવડા, ધારાસભ્યો ડો.નિમાબેન આચાર્ય, વિરેન્દ્રસિંહ જાડેજા, માલતીબેન મહેશ્વરી, જિલ્લા પંચાયત પૂર્વ પ્રમુખ ત્રિકમભાઈ છાંગા, પૂર્વ ધારાસભ્ય રમેશભાઈ મહેશ્વરી, મહામંત્રી વલ્લભજીભાઈ હુંબલ સહિતના જિલ્લાભરમાંથી આવેલા પક્ષના હોદેદારો અને કાર્યકરોએ પુનઃ નિયુકત જિલ્લા અધ્યક્ષનું સન્માન કરીને અભિનંદન પાઠવ્યા હતા. સૌ કાર્યકરો વતી માનવંતુ સન્માન મેળવીને ભાવ વિભોર બનેલા કચ્છ જિલ્લા ભાજપ અધ્યક્ષ કેશુભાઈ પટેલે જણાવ્યું હતું કે, મારા જેવા અદના કાર્યકરને જિલ્લા ભાજપનું પુનઃ એક વખત સુકાન સોંપીને પક્ષે મને જીવનભર ઋણી બનાવ્યો છે. ભાજપ એક માત્ર એવો રાજકીય પક્ષ છે જયાં સતા કરતા સેવાને વધારે પ્રાધાન્ય આપવામાં આવે છે. પક્ષ દ્વારા મળેલી જવાબદારી તો એક વ્યવસ્થાનો ભાગ માત્ર છે પરંતુ વાસ્તવમાં જનસેવા અને રાષ્ટ્રવાદનો સાક્ષાત્કાર કરીને આ સમાજ અને રાષ્ટ્રના ઉધ્ધાર માટે નિકળી પડેલા લાખો કર્મઠ કાર્યકર્તાઓ પક્ષ માટે ખરા અર્થમાં યથાર્થ અને મજબૂત આધારસ્તંભ સમાન છે. અંત્યોદયની પ્રેરણા અને સમભાવ અને સમતોલ વિકાસની ઉચ્ચ આદર્શ પ્રણાલી ધરાવતા ભારતીય જનતા પક્ષનો એક હિસ્સો હોવાનું હું ભારે ગૌરવ અનુભવું છું. વધુમાં ઉપસ્થિત સૌ કાર્યકર્તાઓ અને આગેવાનોને સંબોધીને કેશુભાઈએ જણાવ્યું હતું કે, આપે મને હંમેશા ખૂબ પ્રેમ અને સહયોગ આપ્યો છે જેના વર્ણન માટે મારી પાસે કોઈ શબ્દો નથી પરંતુ આજના પ્રસંગે હું આપ સૌને જણાવીશ કે આપ સૌ એક મહાન વિચારધારાના અંગ સમાન છો ત્યારે પક્ષની ભવ્ય પ્રણાલી અને સંગઠન શકિતના આપ સદૈવ ચેતનવંતા વાહક બનો અને હર હંમેશ કચ્છની જનતાની પડખે ઉભા રહો અને પ્રજાના સુખે સુખી અને પ્રજાના દુઃખે આપણે સૌ પણ દુઃખની લાગણી અનુભવીએ એ ખૂબ અગત્યની બાબત ગણાશે. આજે અબડાસામાં મળેલી જીત તો એક દીર્ઘ યાત્રાની શરૂઆત છે. આગામી દિવસોમાં આપણે સૌ એક જૂટ થઈને આવી જબરદસ્ત સંગઠન શકિતનું પ્રદર્શન કરીને સ્થાનિક સ્વરાજય સહિતની આગામી ચૂંટણીઓમાં પણ શાનદાર પરિણામો પ્રાપ્ત કરશું એમાં શંકાને કોઈ સ્થાન નથી. કાર્યક્રમના અંતે અબડાસા વિધાનસભામાં પક્ષના વિજેતા ઉમેદવાર પ્રદ્યુમનસિંહ જાડેજા પણ પક્ષના શિર્ષસ્થ અગ્રણીઓ અને સમર્થકો સાથે વાજતે ગાજતે જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે પહોંચ્યા હતા જયાં તેમને હર્ષભેર વધાવાયા હતા તેમજ સૌ ઉપસ્થિતો દ્વારા તેમનું પણ સન્માન કરીને તેમને શુભેચ્છાઓ અપાઈ હોવાનું કચ્છ જિલ્લા ભાજપ મીડીયા સહ ઈન્ચાર્જ સાત્વિકદાન ગઢવીની યાદીમાં જણાવાયું હતું.

## NOC વગર ગેરકાયદે ચાલતા ઈન્ડસ્ટ્રીયલ યુનિટ સામે ગુજરાતભરમાં ખાસ ઝુંબેશ

- ગુજરાતભરમાં ગેરકાયેદે ચાલતા ઈંડસ્ટ્રીયલ એકમને સીલ કરવા તેમજ ગેરકાયદે થયેલા ફેક્ટરી-ગોડાઉનનાં બાંધકામોની સામે કાયદાકીય પગલા ભરવાની શરૂઆત
- અમદાવાદમાં રેવાકાકા એસ્ટેટ અને નાનુકા એસ્ટેટમાં આવેલી ૧૩ જેટલા એકમોને, અંદાજે ૫૬૦૦ ચો. મીટરનો એરીયા સીલ: AMC, GPCB અને DISH દ્વારા રચાયેલી ટીમ દ્વારા ૧૮ એકમોને સીલ કરવાની નોટીસ અપાઈ



કમલમ દૈનિક, અમદાવાદ

અમદાવાદ શહેરનાં પીરાણા-પીપલજ રોડ ઉપર કેમીકલ ગોડાઉનમાં બનેલ બનાવ બાદ સરકાર દ્વારા બનાવેલ સમિતી દ્વારા પ્રથમ તબક્કામાં અપાયેલ સૂચના બાદ ગુજરાતભરમાં ગેરકાયેદે ચાલતા ઈંડસ્ટ્રીયલ એકમને સીલ કરવા તેમજ ગેરકાયદે થયેલા ફેક્ટરી-ગોડાઉનનાં બાંધકામોની સામે કાયદાકીય પગલા ભરવાની શરૂઆત થઈ ગઈ છે એમ શ્રમ અને રોજગાર વિભાગનાં અધિક મુખ્ય સચિવ શ્રી વિપુલ મિત્રા દ્વારા જણાવાયુ છે.

રાજયમાં થતાં આગનાં બનાવોને રોકવા સરકાર દ્વારા રચાયેલી સમિતીનાં શ્રમ અને રોજગાર વિભાગનાં અધિક મુખ્ય સચિવ, વિપુલ મિત્રા દ્વારા મ્યુનિસીપલ કમીશનરોને અપાયેલ સૂચના બાદ અમદાવાદમાં રેવાકાકા એસ્ટેટ અને નાનુકા એસ્ટેટમાં આવેલી ૧૩ જેટલા એકમોને, અંદાજે ૫૬૦૦ ચો. મીટરનો એરીયા સીલ કરી દેવાયો છે. આ ઉપરાંત, AMC, GPCB અને DISH દ્વારા રચાયેલી ટીમ દ્વારા ૧૮ એકમોને સીલ કરવાની નોટીસ આપવામાં આવી છે. આ ઉપરાંત, AMC દ્વારા વસ્ત્રાલ અને લાંભાના ગેરકાયદે બાંધકામોને તોડી પાડવા માટેની ઝૂમ્બેશ ચાલુ કરાયેલ છે. આવા ર્દ્રઝ વગર ગેરકાયદે ચાલતા ઈંડસ્ટ્રીયલ યુનિટ સામેની ઝુંબેશ સોમવારથી દરેક મ્યુનિસીપલ કોર્પોરેશનમાં ચાલુ કરી સીલ કરવાની કામગીરી ચાલુ કરી દેવાઈ છે. સોમવારે રાજય સરકાર દ્વારા રચાયેલી સમિતીની અધિક મુખ્ય સચિવ, વિપુલ મિત્રાનાં અધ્યક્ષપણા હેઠળ રીવ્યુ બેઠક યોજાઈ હતી. જેમાં GPCB નાં ચેરમેન સંજીવ કુમાર, અમદાવાદનાં ડેપ્યુટી કમિશ્નર બી.કે.મહેતા, GPCBનાં સભ્ય સચિવશ્રી, DISH ડાયરેક્ટર તેમજ અન્ય સીનીયર અધિકારીઓ હાજર હતાં. અધિક મુખ્ય સચિવ, વિપુલ મિત્રાનાં જણાવ્યા અનુસાર પ્રથમ દ્રષ્ટીએ ગેરકાયદે લાગતા ઈંડસ્ટ્રીયલ યુનિટને સીલ કરવાની ઝુંબેશ આખા રાજયમાં ચાલુ કરવા માટે દરેલ કલેક્ટરને સુચના આપવામાં અવી છે. ઉપરાંત, આ જોઈન્ટ સર્વેનો “એક્શન ટેકન રીપોર્ટ” તા. ૧૩/૧૧/૨૦૨૦ સુધીમાં મંગાવવામાં આવ્યો છે. અમદાવાદ કલેક્ટરને મૃતકોનાં વારસદારોને મળતું વળતર જલ્દી ચુકવવા માટે પણ કહેવામાં આવ્યું છે. પીરાણા-પીપલજ રોડનાં કેમીકલ ગોડાઉનમાં બનેલ વિસ્ફોટ અને આગની દુર્ઘટનાનો અહેવાલ દ્ર્ સમક્ષ તા. ૧૧/૧૧/૨૦૨૦નાં રોજ આપવામાં આવશે. પોલીસ દ્વારા પણ પીરાણા- પીપલજ રોડનાં કેમીકલ ગોડાઉનમાં બનેલ ઘટના બાદ F.I.R નોંધી ધરપકડ કરવામાં આવી હતી તેમજ GPCB દ્વારા પણ સપ્લીમેંટરી F.I.R આપવામાં આવી છે. વિપુલ મિત્રાનાં જણાવ્યા અનુસાર, જોઈન્ટ સર્વેનો “એક્શન ટેકન રીપોર્ટ” તા. ૧૩/૧૧/૨૦૨૦ સમિતી પાસે આવ્યા બાદ, રાજય સરકારને તા. ૧૮/૧૧/૨૦૨૦ સુધીમાં સોંપવામાં આવશે.

## કરજણ બેઠક પરથી ભાજપના ઉમેદવાર અક્ષય પટેલનો ૧૬,૪૦૯ મતથી વિજય



કમલમ દૈનિક, વડોદરા,

વડોદરા જિલ્લાની કરજણ બેઠકની પેટા ચૂંટણી યોજાયા બાદ આજે મતગણતરી પૂર્ણ થતાં કુલ ૨૯ રાઉન્ડમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર અક્ષય પટેલ નો ૧૬૪૦૯ મતથી વિજય થયો છે. વડોદરા જિલ્લાના કરજણ વિધાનસભા પેટાચૂંટણીની મતગણતરી આજે સવારે શરૂ થયા બાદ બપોર સુધીમાં શાંતિપૂર્ણ રીતે મત ગણતરી પૂર્ણ થઈ હતી. વડોદરા જિલ્લા ચૂંટણી વિભાગે કુલ ૨૯ રાઉન્ડમાં મત ગણતરીની વ્યવસ્થા કરી હતી. જેમાં આખરે ૨૯ સાઉન્ડની મતગણતરી પૂર્ણ થયા બાદ ૨૯માં રાઉન્ડના અંતે ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર અક્ષય પટેલ ને ૭૬,૮૩૧ મત મળ્યા હતા જ્યારે કોંગ્રેસના ઉમેદવાર કિરીટ સિંહ જાડેજાને ૬૦,૪૨૨ મત મળ્યા હતા. જેથી ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર ૧૬,૪૦૯ મતથી વિજય થયા હતા. કરજણની પેટાચૂંટણી રસાકસીભરી બની હતી ચૂંટણી દરમિયાન ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસના ઉમેદવાર વચ્ચે વચ્ચે સીધો જંગ હતો. કરજણ પેટાચૂંટણીની મતગણતરી આજે સવારથી વડોદરા ખાતે પોલિટેકનિક કોલેજમાં શરૂ કરવામાં આવી હતી. સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવેલી કોવીડ-૧૯ની તમામ ગાઈડલાઈન્સનો ચુસ્તપણે અમલ કરવામાં આવ્યો હતો. વડોદરાના પોલિટેકનિક કોલેજ ખાતે મત ગણતરી મથકે આવતા તમામ સૌપ્રથમ સેનિટાઈઝરથી હેન્ડ સેનિટાઈઝ અને ટેમ્પરેચર માપીને પ્રવેશ આપવામાં આવ્યો હતો. મત ગણતરીમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર અક્ષય પટેલનો વિજય થતાં કાર્યકરોમાં ઉત્સાહ વ્યાપ્યો હતો જ્યારે કોંગ્રેસમાં સોપો પડી ગયો હતો.

## લીંબડી વિધાનસભા બેઠક પર ભાજપના કિરીટસિંહ રાણાએ ૩૫૫૩૯ મતે મેળવી જીત



કમલમ દૈનિક, સુરેન્દ્રનગર,

લીંબડી વિધાનસભા પેટા ચૂંટણીમાં આજે મત ગણતરી ચાલી રહી છે. જેમાં ભાજપના ઉમેદવાર કિરીટસિંહ રાણા ૩૫૫૩૯ મતે જીત મેળવી છે. આ સાથે જ કિરીટસિંહ તેમની ભવાન ભરવાડ સામે અગાઉ મળેલી હારનો જીત મેળવીને રેકોર્ડ તોડ્યો છે. અહીં કોંગ્રેસના ધારાસભ્ય સોમા ગાંડા પટેલે રાજીનામું આપી દેતા ચૂંટણી યોજાઈ હતી. જેમાં કિરીટસિંહની મતગણતરીમાં પહેલાથી જ જીત નિશ્ચિત માનવામાં આવી રહી હતી. ૨૦૨૦ની પેટાચૂંટણીમાં અગાઉના જીતના માર્જિનનો રેકોર્ડ તૂટ્યો છે. ૨૬૭૮૫ના માર્જિન સાથે કિરીટસિંહ રાણા જીત્યા છે. અગાઉ ૨૦૦૨માં ભાજપના કિરીટસિંહ રાણા સામે કોંગ્રેસના ભવાનભાઈ ભરવાડ અત્યાર સુધીમાં સૌથી વધુ ૧૯૭૪૩ મતની લીડથી જીત્યા હતા. તો સૌથી ઓછી માત્ર ૧૫૬૧ મતની લીડ ૨૦૧૨ની ચૂંટણીમાં હતી જેમાં ભાજપના કિરીટસિંહ રાણાને કોંગ્રેસના સોમાભાઈ પટેલે પાતળી સરસાઈથી હરાવ્યા હતા. લીંબડી વિધાનસભા પેટા ચૂંટણીમાં તા. ૩ નવેમ્બરે મતદાન યોજાયું હતું. ત્યારે ચૂંટણી પંચના નિયમ મુજબ ચૂંટણીમાં ઉમેદવારી કરનાર ૧૪ ઉમેદવારોએ મતદાન પહેલા ત્રણ તબકકામાં ચૂંટણી ખર્ચના હિસાબો રજૂ કરવાના હતા. દરેક ઉમેદવારો મહત્તમ રૂપિયા ૩૦.૮૦ લાખ સુધીનો ખર્ચ જ કરી શકે તેવી ચૂંટણી પંચની જોગવાઈ છે. જેમાં દરેક ઉમેદવારોએ ખર્ચના હિસાબો ચૂંટણી વિભાગ સમક્ષ રજૂ કર્યા હતા. લીંબડી વિધાનસભાની પેટા ચૂંટણીમાં સૌથી વધુ ખર્ચ કોંગ્રેસના ઉમેદવાર ચેતનભાઈ ખાચરે રૂપિયા ૧૭,૧૮,૩૯૭ રજૂ કર્યો છે. જ્યારે ભાજપના ઉમેદવાર કિરીટસિંહ રાણાએ ૧૪,૨૪,૩૦૫ રૂપિયાનો ખર્ચ કર્યો છે. આમ પેટા ચૂંટણી જીતવા કોંગી ઉમેદવારે ભાજપના ઉમેદવાર કરતા ૨,૯૪,૦૯૨ રૂપિયાનો વધુ ખર્ચ કર્યો છે. જ્યારે ભાજપ કોંગ્રેસ સિવાયના ૧૨ ઉમેદવારોએ કુલ મળી રૂપિયા ૨,૫૯,૭૭૮નો ખર્ચ કર્યો છે.

## કોરોના સામે લડાઇ માટે સૌથી પહેલાં નેશનલ સપ્લાઇ ચેન કમાન્ડરની નિમણૂંક કરશે



કમલમ દૈનિક,વૉશિંગ્ટન,

અમેરિકાના રાષ્ટ્રપતિ પદની ચૂંટણી જીતનાર જો બિડેન ૨૦ જાન્યુઆરીએ શપથ લેનાર છે. ત્યારે અત્યારે એક સવાલ બધાને થઈ રહ્યો છે કે રાષ્ટ્રપતિનો કાર્યભાર સંભાળ્યા બાદ જો બિડેન સૌથી પહેલું કામ શું કરશે? આ સવાલનો જવાબ છે કોરોના સામેની લડાઇ. તેઓ રાષ્ટ્રપતિ પદ પર આવતાની સાથે જ કોરોના સામેની લડાઇને નવી દિશા આપશે, કારણ કે કોરોના વાયરસથી અમેરિકા સૌથી વધારે પીડિત છે. અમેરિકામાં ત્યાર સુધીમાં કોરોના વાયરસના ૧.૨૮ કરોડ કરતા પણ વધારે દર્દીઓ સામે આવ્યા છે. તો કોરોનાના કારણે ૨.૪૩ લાખ લોકોના મોત થયા છે. આ બધું થવા છતા ડોનાલ્ડ ટ્રમ્પે ના તો પોતે માસ્ક પહેર્યુ કે ના તો લોકો માટે ફરજિયાત કર્યુ. જેના કારણે દેશના લોકો તો કોરોનાનો ભોગ બન્યા, પરંતુ સાથે રાષ્ટ્રપતિ ટ્રમ્પ પણ કોરોનાનો ભોગ બન્યા. ત્યારે હવે અમેરિકામાં નવા રાષ્ટ્રપતિ જો બિડેને કહ્યું કે પદભાર ગ્રહણ કર્યા બાદ તરત જ તો આખા દેશમાં માસ્કને ફરજિયાત કરશે. જેના માટે તેઓ દરેક રાજ્યના ગવર્નરો સાથે વાત કરશે. જો ગવર્નરોએ તેમની વાત ના માની તો મેયરો સાથે વાત કરશે. જો બિડેને કહ્યું કે તેઓ કોરોના સામે લડાઈ માટે સૌથી પહેલા નેશનલ સપ્લાઈ ચેન કમાન્ડરની નિમણૂંક કરશે. આ સિવાય પાનડેમિક ટેસ્ટિંગ બોર્ડ પણ બનાવશે, જેના માટે બિડેને એક ટીમનું એલાન પણ કર્યુ છે. જેમાં ભારતવંશી મૂર્તિ પણ સામેલ છે. એવી શક્યતા પણ રહેલી છે કે બિડેન પદભાર ગ્રહણ કરે તેના એક દિવસ પહેલા પેરિસ સમજૂતિમાં અમેરિકાની વાપસી માટે સંયુક્ત રાષ્ટ્રને પત્ર લખવામાં આવશે.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-PAVANPUTRA OFFSET G.I.D.C.,SECTOR-28GANDHINAGAR, GUJARAT- 382028 •Published at A-3, Plot no R-13, Tanishq complex, New greencity, Sector -26, Gandhinagar (gujarat) 382028